# વડાલી પાસે જીપ અને ટ્રેક્ટરનો ગમખ્વાર અકસ્માતમાં પાંચના મોત

વડાલી, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના વડાલી પાસે આવેલ વટપલ્લી મંદિર આગળ મંગળવારે મોડી સાંજે જીપ અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં ગંભીર ઈજાને કારણે પાંચ જણાના મોત નિપજ્યા હતા. તેમજ અન્ય નવ જણાને ઈજા થતાં સારવાર માટે ૧૦૮ દ્વારા ઈડર, વડાલી અને હિંમતનગર ખસેડાયા હતા. ગમખ્વાર અકસ્માતની જાણ થતાં ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા પોલીસ તથા ૧૦૮ એમ્બ્યુલન્સ અકસ્માતના સ્થળે દોડી આવી હતી.

વટપલ્લી નજીક થયેલા અકસ્માત અંગે મળતી પ્રાથમિક વિગતો મુજબ, મંગળવારે મોડી સાંજે ટ્રેક્ટર નં. જીજે૯.ઈ.૫૧૩૦માં તેનો ચાલક લોખંડનું સેન્ટીંગ તથા મજૂરોને લઈ જઈ રહ્યા હતા ત્યારે અચાનક


(તસવીર : મગનજી વણઝારા)

સામેથી આવતી જીપ નં. જીજે૧૬.એ.૩૫૭૯ સાથે અથડાઈ ગયું હતું. જેના કારણે જીપમાં તથા ટ્રેક્ટરમાં બેઠેલા અંદાજે ૮ જણાને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

જેમાં ત્રણના સ્થળ પર મોત નીપજ્યા હતા. ઉપરાંત ગંભીર રીતે ઘવાયેલા પાંચ થી વધુ લોકોને સારવાર માટે ૧૦૮ દ્વારા ઈડર, વડાલી અને હિંમતનગર ખસેડાયા હતા. જેમાંથી ઈડર સિવિલમાં સારવાર દરમિયાન એકનું મોત અને હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન એકનું મોત નીપજ્યું હતું. જેથી મોડી રાત્રીના મૃતકનો આંક પાંચ થયો હતો. બનાવ અંગે વડાલી પોલીસમથકે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ચિલોડા પોલીસ સ્ટેશન જાન્યુઆરીમાં નવા પોલીસ સ્ટેશન સંકુલમાં કાર્યરત થશે



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર પર સ્થિત ચિલોડા સર્કલ નજીક આવેલ ચિલોડા પોલીસ મથકના નવા મકાનનું કામ સંપૂર્ણ પણે પૂર્ણ થઈ ગયું છે. આથી આગામી જાન્યુઆરી માસમાં આ નવનિર્મિત ચિલોડા પોલીસ મથકના મકાનમાં કાર્યરત થશે. અત્યંત આધુનિક આ સંકુલમાં ફરિયાદ રૂમ, અધિકારીઓ માટેના રૂમ, લોકઅપ પાર્કિંગ, સહિતની તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. હાલનું ચિલોડા પોલીસ મથક નવા સંકુલમાં કાર્યરત થતા નાગરિકોને પણ પોલીસ ફરિયાદ માટે સરળતા રહેશે.

વર્ષોપહેલા ચિલોડા સર્કલ નજીક સી.પી.આઈ. કચેરીથી શરૂ થયેલી પોલીસ કચેરી આજે સંપૂર્ણ પોલીસ મથકમાં ફેરવાઈ ગઈ છે. વર્ષ ૨૦૧૧માં ચિલોડા સર્કલ પાસે નવા પોલિસ સ્ટેશનના મકાનની રચના કરવામાં આવી હતી પરંતુ સમય જતા જરૂરી આધુનિક સુવિધાઓનો અભાવ જણાતા ચિલોડા પોલીસ સ્ટેશનના જુના મકાનમાંથી નવા મકાનમાં કાર્યરત કરવા નવા પોલીસ સ્ટેશનના મકાનનું નિર્માણ કરવામાં આવ્યું હતું જે સંપૂર્ણ પણે તૈયાર થઈ જતા હવે આ ચિલોડા પોલિસ મથક નવા સંકુલમાં આગામી જાન્યુઆરી માસમાં ચિલોડા પલીસ મથક કાર્યરત થશે. જેમાં ૧ પી.આઈ., ૩ પી.એસ. આઈ., ૧૦ એ.એસ.આઈ. સહિત હે.કો., પો.કો. મળી કુલ ૬૬ પોલીસ કર્મીઓ કામ કરશે. આ પોલીસ મથકમાં જરુરીયાત મુજબની તમામ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે.

## સ્ટેટ ફાર્મસી કાઉન્સીલમાં હિંમતનગરના ઉદ્યોગપતિ ચૂંટાયા

ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલની તાજેતરમાં અમદાવાદ સિવિલ કેમ્પસમાં યોજાઈ હતી. જેમાં હિંમતનગરમાં આવેલ મોન્ટેજ



લેબોરેટરીના ડૉ. શ્રેણીક કાંતિલાલ શાહ ૯૬૨૩ મત મેળવી ચૂંટાતા તેમને ચૂંટણી અધિકારી દ્વારા વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. સ્ટેટ ફાર્મસી કાઉન્સીલમાં ચૂંટાવા બદલ ડૉ. શ્રેણિક શાહને શહેરના ઉદ્યોગપતિઓ શ્રેષ્ઠીઓએ આવકારી બિરદાવ્યા હતા.

## પાટણના જિલ્લા- તાલુકા મથકોએ ૧૫ ડિસેમ્બરે ૨ કિ.મી. સુધી યોજાશે રન ફોર યુનીટી

### યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત વિવિધ ક્ષેત્રના હજારો લોકોને જોડાવા તંત્રની અપીલ : પ્રગતિ મેદાનથી બગવાડા દરવાજા થઈ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ સુધીની ૨ કિ.મી. દોડ યોજાશે

પાટણ, તા. ૪

ભારતના લોહપુરૂષ તરીકે ઓળખવામાં આવે છે એવા લોખંડી મનોબળ ધરાવતા સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રજવાડાઓનું એકત્રીકરણ કરી ભારતની લોકશાહીના પાયામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. અખંડ ભારતના શિલ્પી લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથી તા.૧૫મી ડિસેમ્બરે હોવાથી દેશભરમાં રન ફોર યુનિટીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ભારતના ૫૬૨ રજવાડાઓને એક કરી અખંડિતતા જળવાઈ રહે તેવું ભગીરથ કાર્ય સફળ રીતે પાર પાડનાર સરદાર પટેલને તેમના બેનમૂન કાર્ય માટે અંજલિ અર્પવા કેવડિયા ખાતે નર્મદા નદીના સાધુ બેટ ખાતે ૧૮૨ મીટરની ઉંચાઈ સાથે વિશ્વમાં સૌથી ઉંચું સ્ટેચ્યુનું નિર્માણ કરવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આટલું જ નહિ સમગ્ર રાજયના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોને આવરી લઈ રન ફોર યુનિટી પણ યોજાનાર છે ત્યારે પાટણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૨૬ જેટલી ગૃપ સમિતિઓ બનાવીને પૂર્વ




તૈયારીની કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે.

જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરાએ કાર્યક્રમના કામગીરીની સમીક્ષા અને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, રન ફોર યુનીટી કાર્યક્રમ જનભાગીદારીથી યોજાનાર છે. આ કાર્યક્રમમાં જોડાવા આખા રાજયમાં લોકોમાં ઉત્સાહ છે. લોકો આ કાર્યક્રમ માટે રજીસ્ટ્રેશન કરાવી શકે તે માટે ઓનલાઈન રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરી છે. લોકોની ભાગીદારી સાર્થક થાય તે માટે તંત્ર દ્વારા દરેક કચેરીઓમાં અને જાહેર સંસ્થાઓમાં રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકો પોતાની રીતે www.runforunity.com પર પણ રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ ઉપરાંત શ્રી કિરીટભાઈ સી પટેલ, એપ્ટેક કોમ્પ્યુટર સેન્ટર, વિશ્વાસ કોમ્લેકક્ષ, રાજમહેલ રોડ, પાટણ તથા શ્રી અશ્વીનભાઈ પટેલ, જમસબ કોમ્પ્યુટર, નવા ગંજ બજાર, મહાલક્ષ્મી મંદિર, પાટણ ખાતે તથા નગરપાલિકા ખાતે રજીસ્ટ્રેશન કરવા માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. ત્યારે યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓ સહિત વિવિધ ક્ષેત્રના હજારો લોકો જોડાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. પાટણ જિલ્લા મથકે ૧૫મી ડીસેમ્બરના રોજ સવારે ૭-૦૦ કલાકે -ગતિ મેદાનથી બગવાડા દરવાજા, રેલ્વે સ્ટેશન થઈ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ સુધીની ૨ કી.મી. જેટલી દોડનું આયોજન કરવામાં આવનાર છે.

### ભિલોડા તાલુકાના ટાકાટુકા-ટોરડા માર્ગ ઉપર આવેલા ગોઝારા વળાંકમાં

## અજાણ્યા ટ્રેક્ટરચાલકે બાઈકચાલકને ધડાકાભેર ટક્કર મારતા એક ઈસમનું કરૂણ મોત નિપજ્યું

ભિલોડા, તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા-ટોરડા માર્ગ ઉપર આવેલા ગોઝારા વળાંકમાં અજાણ્યા ટ્રેક્ટર ચાલકે પુરઝડપે, ગફલતભરી રીતે ટ્રેક્ટર હંકારતા-હંકારતા બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતા એક ઈસમનું કરૂણ મોત નિપજ્યું હતું. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આજે સવારે ૧૦:૦૦ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી બાઈક ઉપર આવી રહેલા બે શ્રમજીવી ઈસમોને અજાણ્યા ટ્રેક્ટર ચાલકે ટ્રોલીના પાછળના ભાગેથી ટી.વી.એસ.સ્પોર્ટ બાઈક પાર્સીગ વિહોણી બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈકની પાછળ બેઠેલા નારાયણભાઈ કાવાભાઈ ડોડીયાર ઉંમર વર્ષ-૩૦ છે. આ ઈસમને માથાના ભાગે તેમજ શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચતાં ભિલોડા ૧૦૮ ને ફોન કરી બોલાવતાં આ ઈસમને ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો પરંતુ સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી છે.

આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાન રાજ્યના ઉદેપુર જીલ્લાના ખેરવાડા તાલુકાના ઉખેડી ગામના બે ઈસમો ઈડર તાલુકાના ઉમેદપુરા ગામમાં કુવાના ખોદકામનું કામકાજ કરી તેમના પરીવારનું જીવન નિર્વાહ ચલાવતા હતા ત્યારે ટાકાટુકા-ટોરડા માર્ગ ઉપર આવેલા ગોઝારા વળાંકમાં અકસ્માત દરમ્યાન એક ઈસમનું કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. અકસ્માત બનાવ સંદર્ભે દિનેશભાઈ અસારીએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.


(તસવીર : શહીદ ચૌહાણ, ઉમરેઠ)

ઉમરેઠની ઓડ ચોકથી અંબિકાનગર સુધી રોડ વચ્ચે ડિવાઈડર બનાવવામાં આવ્યા છે. અને તેની સુંદરતામાં અભિવૃદ્ધિ માટે વચ્ચે લાઈટના પોલ ઉભા કરવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી આ પોલની લાઈટ ડૂલ થઈ જતા બંધ પડી ગયેલ છે પરંતુ તંત્ર દ્વારા આજ દીન સુધી ચાલુ કરવાની તસ્દી લેવામાં આવી નથી. પ્રસ્તુત તસવીરમાં શોભાના ગાંઠીયા સમાન ઉભેલા પોલ તંત્રની લાપરવાહીની ચાડી ખાય છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયતના સરપંચ ધ્વારા કમઠાડીયા-સુરપુર, ચુનાખાણ, વાંસળી, માંકરોડા પ્રાથમીક શાળાના તમામ ક્લાસરૂમમાં દિવાલ ઘડીયાળ ભેટ અપાયા હતા. વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનકુમાર તબિયાર ધ્વારા કમઠાડીયા-સુરપુર પ્રા.શાળા, ચુનાખાણ પ્રા.શાળા, વાંસળી પ્રા.શાળા, માંકરોડા પ્રા.શાળાના તમામ ક્લાસરૂમમાં દિવાલ ઘડીયાળ ભેટ અર્પણ કરાયા હતા. આ પ્રસંગે પ્રાથમીક શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

## વિહિપ અધ્યક્ષની હત્યાના વિરોધમાં મોડાસા ખાતે કલેકટરને આવેદનપત્ર અપાયું

મોડાસા, તા.૪

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આજે વિશ્વ હિન્દુ પરિષદના સભ્યોએ અમરેલીમાં વિહિપ અધ્યક્ષ અમૃત ખુમાર અને તેમના ભાઈ ભરત ખુમારની હત્યાના વિરોધમાં અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના વિહિપ અધ્યક્ષ અમૃત ખુમાર તથા તેમના ભાઈ ભરત ખુમાર ઉપર તલવાર અને તમંચા જેવા ઘાતક હથિયારો વડે કેટલાક તત્વોએ હુમલો કરી તેમની હત્યા કરી દીધી હતી. ગુજરાતમાં છાશવારે કેટલાક અસામાજિક તત્વો દ્વારા ખુલ્લેઆમ ગૌ હત્યા, પોલીસ પર હુમલા, બહુમતિ પર હુમલા અને યુવતિઓની સતામણી તેમજ બળાત્કાર જેવા બનાવોની સંખ્યા વધતી જાય છે. રાજયમાં ગૌ હત્યા પર પ્રતિબંધક કાયદો લાગુ હોવા છતાં ગોવધના બનાવો બનતા રહે છે તેમજ આવા તત્વો દ્વારા યેનકેન પ્રકારે રાજયની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવે છે. જુનાગઢમાં રામબાપુની હત્યા અને અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ તથા તેમના ભાઈની હત્યા જેવી જઘન્ય ઘટનાઓ દ્વારા નાગિરકોને ઉશ્કેરી કોમી એખલાસના વાતાવરણને ભંગ કરવાનો સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આથી આ તત્ત્વો સામે અસરકારક પગલાં લેવા અને રાજયમાં પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મોડાસા ખાતે કલેક્ટર બી.જે. ભટ્ટને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર અરવલ્લી વિહિપ મંત્રી કિરીટ શાહ, કોષાધ્યક્ષ રામભાઈ પટેલ, રણજિતસિંહ ખાંટ અને બજરંગદળના રાજુભાઈની આગેવાનીમાં જિલ્લા કલેકટરને સુપ્રત કરાયું હતું.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

### ખેડબ્રહ્મામાં પશુપાલન શિબિર યોજાઈ

ખેડબ્રહ્માના ક્ષીર જામ્બા માતાજી મંદિરના હોલમાં તાજેતરમાં પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં તાલુકામાંથી ૪૦૦ કરતાં વધુ મહીલા પશુપાલકો ઉપસ્થિત રહી હતી. આ શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે પ્રાયોજના એડમીનીસ્ટ્રેટર કે. એસ. વસાવા, પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિ તથા નાયબ પશુ પાલન નિયામક ડૉ. જે.બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરાર્થીઓને પશુ ચિકિત્સા અધિકારી તથા પશુધન નિરિક્ષકો દ્વારા વૈજ્ઞાનિક તથા આધુનિક ઢબે સફળ પશુપાલન કેવી રીતે કરવુ અને સરકારની યોજનાઓનો લાભ લેવા માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ. આ શિબિરનું સંચાલન ડૉ. ઓચ્છવ દેસાઈએ કર્યું હતું.

## ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાંથી બાઈક ચોરાયું

ભિલોડા, તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાં આવેલા હાર્દસમા રેસીડેન્ટ એરીયામાં કૃષ્ણકુંજ સોસાયટીમાં ઘર આગળ પાર્ક કરેલ હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્રો.બાઈક કોઈ અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ચોરી ગયા હતા. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ એરીયામાં રહેતા વિમલકુમાર રમેશચંદ્ર સોની (આશાપુરા જ્વેલર્સવાળા)ના ઘર આગળ પાર્ક કરેલ રૂા.૨૦,૦૦૦/-ની કિંમતનું હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્રો.બાઈક નંબર. જી.જે.૯. સી.એ.૧૩૭૯ કોઈ અજાણ્યા તસ્કરો રાત્રીના સુમારે ચોરી ગયા છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરી સંદર્ભે વિમલકુમાર રમેશચંદ્ર સોનીએ ફરીયાદ નોંધાવતાં પોલીસ ધ્વારા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ભિલોડા તાલુકા મથક સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં બાઈકો ચોરી કરતી તસ્કર ટોળકી સક્રીય બની હોવાના કારણે અવાર-નવાર બાઈકોની ચોરીના બનાવો દિન-પ્રતિ-દિન પ્રકાશમાં આવતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. ભિલોડા પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવામાં આવે તો ચોરીઓના ઉપદ્રવ ઉપર ચોક્કસ અંકુશ આવી શકે તેમ હોવાનું લોકમુખે ચર્ચાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન